સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS


ગુજરાત પોલીસમાં આવનારી વિશાળ ભરતી

પોલીસ કોન્સ્ટેબલ 2019માં 110+ સફળ ઉમેદવારો

PSI/ASI/CONSTABLE

રાજકોટ

22/12/19 રવિવાર | સવારે 9:30 વાગ્યે હેમુ ગઢવી હોલ રાજકોટ

ફ્રી સેમિનાર

સેમિનારમાં ભાગ લેનાર દરેક વિદ્યાર્થીઓને કાયદાના સંભવિત Que-Ansની બુક ફ્રી

ONLINE રજિસ્ટ્રેશન માટે અહીં CLICK કરો

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

ફ્રી ENTRY પાસ મેળવવાનું સ્થળ

સ્વામિનારાયણ મંદિર પાસે, તિરૂપતી પેટ્રોલ પંપ સામે, કાલાવડ રોડ, રાજકોટ MO : 93753-01110



સંપાદક

મૌલિક ગોંધિયા

(Director - ICE)


[DEC-2019]

[08/12 to 14/12]

# WEEK-50

CURRENT TOPIC

- Human Development Index 2019માં ભારત 129મા ક્રમે
- ભારતના ઓબ્ઝર્વેશન સેટેલાઈટ RISAT-2BR1 સહિત ઈસરો દ્વારા કુલ 10 ઉપગ્રહ સફળતાપૂર્વક લોન્ચ
- ફિનલેન્ડના સુશ્રી સના મરીન વિશ્વના સૌથી યુવા વડાપ્રધાન બન્યા
- સાઉથ એશિયન ગેમ્સ 2019માં રેકોર્ડ 311 મેડલ જીતીને ભારત મેડલ ટેબલમાં પ્રથમ ક્રમે
- The Citizenship (Amendment) Bill, 2019ને રાષ્ટ્રપતિની મંજૂરી


t.me/icerajkotofficial | icerajkot | icerajkot | icerajkot

SADGURU COMPLEX, 2nd FLOOR, NR. AKSHAR MANDIR, KALAWAD ROAD, RAJKOT-360001.
CALL : 9375701110 / 9328001110

## 8 DECEMBER, 2019 SUNDAY

### ➢ દિવસ મહિમા : 8 ડિસેમ્બર, સબમરીન દિવસ




ભારતીય નૌસેના દ્વારા દર વર્ષે 8 ડિસેમ્બરના રોજ 'સબમરીન દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- ભારતીય નૌસેનાની પ્રથમ સબમરીન 'INS કલવરી'ને 8 ડિસેમ્બર, 1967ના રોજ ભારતની નૌસેનામાં સામેલ કરવામાં આવી હતી.
- આથી, આ દિવસની યાદમાં ભારતીય નૌસેના દ્વારા દર વર્ષે 8 ડિસેમ્બરના રોજ આ દિવસ ઉજવાય છે.

### ➢ વર્ષ 2019ના ભારતના શ્રેષ્ઠ 10 પોલીસ સ્ટેશનોની યાદીમાં ગુજરાતનું બાલાસિનોર પોલીસ સ્ટેશન બીજા ક્રમે



તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ 2019ના ભારતના 10 શ્રેષ્ઠ પોલીસ સ્ટેશનોની યાદી જાહેર કરવામાં આવી છે.

- આ યાદીમાં ગુજરાતના મહીસાગર જિલ્લાનું બાલાસિનોર પોલીસ સ્ટેશન બીજા ક્રમે છે.
- જ્યારે અંદમાન નિકોબારના અંદમાન જિલ્લાનું અબેરદીન પોલીસ સ્ટેશન પ્રથમ ક્રમે છે.
- મધ્યપ્રદેશનું એજેકે બુરહાનપુર પોલીસ સ્ટેશન આ યાદીમાં ત્રીજા ક્રમે છે.
- આ ઉપરાંત મધ્યપ્રદેશનું બરગાવા પોલીસ સ્ટેશન આ યાદીમાં અંતિમ દસમા ક્રમે છે.
- ભારતના શ્રેષ્ઠ 10 પોલીસ સ્ટેશનોની યાદીમાં સૌથી વધુ મધ્યપ્રદેશના 2 પોલીસ સ્ટેશનોનો સમાવેશ થયો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE ®

**વર્ષ 2019ના ભારતના શ્રેષ્ઠ 10 પોલીસ સ્ટેશન**

| ક્રમ | પોલીસ સ્ટેશનનું નામ | જિલ્લો | રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશ |
|---|---|---|---|
| 1 | અબેરદીન | અંદમાન | અંદમાન નિકોબાર |
| 2 | બાલાસિનોર | મહીસાગર | ગુજરાત |
| 3 | AJK બુરહાનપુર | બુરહાનપુર | મધ્યપ્રદેશ |
| 4 | AWPS થેની | થેની | તમિલનાડુ |
| 5 | અનીની | દિબાંગ વેલી | અરૂણાચલ પ્રદેશ |
| 10 | બરગાવા | શિવપુર | મધ્યપ્રદેશ |

વર્ષ 2015માં ગુજરાતના કચ્છ ખાતે યોજાયેલી DGP કોન્ફરન્સમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ રેન્કિંગ તૈયાર કરવાનું સૂચન કર્યું હતું.

- આ અંતર્ગત આ સર્વેમાં ભાગ લેનાર 15,579 પોલીસ સ્ટેશનોમાંથી શ્રેષ્ઠ 10 પોલીસ સ્ટેશનોની પસંદગી કરવામાં આવી છે.
- આ રેન્કિંગ અંતર્ગત શરૂઆતમાં દરેક રાજ્યમાંથી શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર પોલીસ સ્ટેશનોની સંક્ષિપ્ત યાદી તૈયાર કરવા માટે નીચેના ગુનાઓના સમાધાનને આધારે પસંદગી કરવામાં આવી હતી :
  (1) મિલકતના ગુનાઓ
  (2) મહિલાઓ વિરુદ્ધના ગુનાઓ
  (3) નબળા વર્ગ વિરુદ્ધના ગુનાઓ
- ત્યારબાદ અંતિમ તબક્કામાં વિવિધ 19 માપદંડોને આધારે આ શ્રેષ્ઠ 10 પોલીસ સ્ટેશનોની યાદી તૈયાર કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

અમને વિશ્વાસ છે અમારી ખાસ તાલીમ આપને ઓફિસર બનાવશે

GPSC1/2 STI/P.I.

ફ્રી ટ્રાયલ લેક્ચર

19-12-19

રજિસ્ટ્રેશન ફરજિયાત

BEST COACHING BEST MATERIALS BEST RESULTS

રીડીંગરૂમની વ્યવસ્થા

ગાંધીનગર 81406-01110 81407-01110

અમદાવાદ 84695-01110 84696-01110

- કરંટ અફેર્સ સાથે સામાન્ય અભ્યાસને જોડીને વિશ્લેષણાત્મક સમજ
- UPSC લેવલની Detail Study

Prelims + Mains બન્નેની સમાંતર તૈયારી

શરૂઆતથી છેક પરીક્ષાખંડ સુધીનો આયોજનબદ્ધ રોડમેપ

સર્વશ્રેષ્ઠ મટિરિયલ્સ એક્સપર્ટ ફેકલ્ટીઝ

ફ્રી મોકટેસ્ટ સીરીઝ

32+ Weekly Test

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

t.me/icerajkotofficial

www.iceonline.in

icerajkot

## ➤ ભારતની 48 યુનિવર્સિટીઓને 'સ્વચ્છતા રેન્કિંગ પુરસ્કાર' એનાયત

ભારતમાં કેન્દ્ર સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા તાજેતરમાં ત્રીજા 'સ્વચ્છતા રેન્કિંગ પુરસ્કારો' એનાયત કરવામાં આવ્યા છે.

- આ રેન્કિંગ અંતર્ગત વર્ષ 2019માં 6900 જેટલી શિક્ષણ સંસ્થાઓએ ભાગ લીધો હતો.
- તેમાંથી પસંદગી પામેલી વિવિધ 9 કેટેગરીની 48 જેટલી શિક્ષણ સંસ્થાઓને પુરસ્કાર એનાયત થયા છે.
- આ 9 કેટેગરીમાં પ્રથમ ક્રમાંકે આવેલી યુનિવર્સિટીઓના નામ આ પ્રમાણે છે :

### યુનિવર્સિટી સ્વચ્છતા રેન્કિંગ પુરસ્કાર 2019

| ક્રમ | કેટેગરી | પ્રથમ યુનિવર્સિટી/શિક્ષણ સંસ્થા |
|---|---|---|
| 1 | Residential Universities - UGC | Koneru Lakshmaiah Education Foundation Guntur |
| 2 | Non-Residential Univirsities-UGC | IIHMR University, Rajasthan |
| 3 | Residential Colleges - UGC | Sri Krishna Arts and Science College Coimbatore, Tamilnadu |
| 4 | Non-Residential Univirsities-UGC | Prince Academy of Higher Education Shikshan Prashikshan Mahavidyalaya Sikar, Rajasthan |
| 5 | Residential University - AICTE | S.R.M. Institute of Science & Technology Chennai, Tamilnadu |
| 6 | Non-Residential University-AICTE | Dr. A.P.J. Abdul Kalam Technical University Lucknow, Uttar Pradesh |
| 7 | Residential Colleges-AICTE | Panimalar Engineering College, Thiruvallur |
| 8 | Non-Residential Colleges-AICTE | Mahatma Gandhi Mission's Medical College, Navi Mumbai |
| 9 | Government Residential Universities | Rajiv Gandhi National University of Law, Patiala |

નોંધ : (1) UGCનું પૂરું નામ University Grants Commision છે.

(2) AICTEનું પૂરું નામ All India Council for Technical Education છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®



## ➤ કેન્દ્ર સરકાર દ્વારા 5 કોલસાની ખાણોની ફાળવણીને મંજૂરી

ભારતમાં કેન્દ્ર સરકારના <u>કોલસા મંત્રાલય</u> દ્વારા વિવિધ કંપનીઓને ફાળવવામાં આવેલી <u>5 કોલસા</u>ની ખાણોની મંજૂરી આપવામાં આવી છે.

- આ પાંચ ખાણોના નામ આ પ્રમાણે છે :

| ક્રમ | કોલસાની ખાણનું નામ | રાજ્ય | કઈ કંપનીને આ ખાણ ફાળવવામાં આવી છે ? |
|---|---|---|---|
| 1 | બિક્રમ | મધ્યપ્રદેશ | બિરલા કોર્પોરેશન લિમિટેડ |
| 2 | બ્રહ્મપુરી | મધ્યપ્રદેશ | બિરલા કોર્પોરેશન લિમિટેડ |
| 3 | ભાસ્કરપાડા | છત્તીસગઢ | પ્રકાશ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ |
| 4 | જગન્નાથપુર-બી | પશ્ચિમ બંગાળ | પાવર પ્લસ ટ્રેડર્સ પ્રાઈવેટ લિમિટેડ |
| 5 | જમખાની | ઓડિશા | વેદાંતા લિમિટેડ |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## ICE Questions

| | | |
|---|---|---|
| 1. | ભારતીય નૌસેના દ્વારા 'સબમરીન દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?<br>(A) 5 ડિસેમ્બર (B) 6 ડિસેમ્બર (C) 7 ડિસેમ્બર (D) 8 ડિસેમ્બર | (D) |
| 2. | 8 ડિસેમ્બર, 1967ના રોજ ભારતીય નૌસેનામાં સૌપ્રથમ વખત કઈ સબમરીન સામેલ કરવામાં આવી હતી ?<br>(A) ચક્ર (B) અરિહંત (C) કલવરી (D) સિંધુઘોષ | (C) |
| 3. | વર્ષ 2019ના ભારતના શ્રેષ્ઠ 10 પોલીસ સ્ટેશનોની યાદીમાં ગુજરાતનું કયું પોલીસ સ્ટેશન બીજા ક્રમે છે ?<br>(A) મહીસાગર (B) વાપી (C) બાલાસિનોર (D) અંકલેશ્વર | (C) |
| 4. | વર્ષ 2019ના ભારતના 10 શ્રેષ્ઠ પોલીસ સ્ટેશનોની યાદીમાં ગુજરાતનું બાલાસિનોર પોલીસ સ્ટેશન કયા ક્રમે છે ?<br>(A) પ્રથમ (B) બીજા (C) ત્રીજા (D) ત્રણમાંથી કોઈ નહિ | (B) |
| 5. | વર્ષ 2019ના ભારતના 10 શ્રેષ્ઠ પોલીસ સ્ટેશનોની યાદીમાં પ્રથમ ક્રમે કયું પોલીસ સ્ટેશન છે ?<br>(A) અનીની (B) AJK બુરહાનપુર (C) અબેરદીન (D) બરગયા | (C) |
| 6. | સ્વચ્છતા રેન્કિંગ 2019માં ભારતની કઈ સરકારી રેસિડેન્ટિયલ યુનિવર્સિટીને પ્રથમ પુરસ્કાર એનાયત થયો છે ?<br>(A) શ્રી રાજીવ ગાંધી નેશનલ યુનિવર્સિટી ઓફ લો, પટિયાલા<br>(B) શ્રી ગુરૂનાનક દેવ યુનિવર્સિટી, અમૃતસર<br>(C) નેશનલ લો યુનિવર્સિટી, દિલ્હી<br>(D) ડો. બી. આર. આંબેડકર યુનિવર્સિટી, આંધ્રપ્રદેશ | (A) |
| 7. | સ્વચ્છતા રેન્કિંગ 2019 અંતર્ગત ભારતની UGC અંતર્ગતની કઈ રેસિડેન્ટિયલ યુનિવર્સિટીને પ્રથમ પુરસ્કાર એનાયત થયો છે ?<br>(A) કોનેરુ લક્ષ્મૈયાહ એજ્યુકેશન ફાઉન્ડેશન, ગુન્તુર<br>(B) શ્રી ગુરૂનાનક દેવ યુનિવર્સિટી, અમૃતસર<br>(C) નેશનલ લો યુનિવર્સિટી, દિલ્હી<br>(D) ડો. બી. આર. આંબેડકર યુનિવર્સિટી, આંધ્રપ્રદેશ | (A) |
| 8. | સ્વચ્છતા રેન્કિંગ 2019 અંતર્ગત ભારતની UGC અંતર્ગતની કઈ નોન-રેસિડેન્ટિયલ યુનિવર્સિટીને પ્રથમ પુરસ્કાર એનાયત થયો છે ?<br>(A) IIHMR યુનિવર્સિટી, રાજસ્થાન<br>(B) શ્રી ગુરૂનાનક દેવ યુનિવર્સિટી, અમૃતસર<br>(C) નેશનલ લો યુનિવર્સિટી, દિલ્હી<br>(D) ડો. બી. આર. આંબેડકર યુનિવર્સિટી, આંધ્રપ્રદેશ | (A) |
| 9. | કેન્દ્ર સરકારના કોલસા મંત્રાલય દ્વારા તાજેતરમાં કોલસાની કેટલી ખાણોની ફાળવણીની મંજૂરી આપવામાં આવી છે ?<br>(A) ત્રણ (B) પાંચ (C) સાત (D) દસ | (B) |
| 10. | કોલસાની ખાણ અને રાજ્યની નીચેની જોડમાંથી કઈ જોડ સાચી નથી ?<br>(A) બિક્રમ – મધ્યપ્રદેશ (B) બ્રહ્મપુરી – મધ્યપ્રદેશ<br>(C) ભાસ્કરપાડા – ઝારખંડ (D) જમખાની – ઓડિશા | (C) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

ICE RAJKOTની નવી Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial આજે જ JOIN કરો.

## 9 DECEMBER, 2019 MONDAY

### ➢ દિવસ મહિમા : 9 ડિસેમ્બર, (1) આંતરરાષ્ટ્રીય ભ્રષ્ટાચાર વિરોધી દિન (International Anti-Corruption Day)
### (2) નરસંહારનો ભોગ બનેલા લોકોની યાદ માટેનો તથા નરસંહાર રોકવા માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ

### ➢ ભારત અને રશિયા વચ્ચે Tri-Services Exercise 'INDRA 2019'નું આયોજન

10થી 19 ડિસેમ્બર 2019 દરમિયાન ભારત અને રશિયા વચ્ચે 'ઈંદ્ર 2019' નામના યુદ્ધ અભ્યાસનું આયોજન કરવામાં આવ્યું છે.

- ભારતમાં ઝાંસી પાસેના બબીના, પૂણે અને ગોવા ખાતે એક સાથે આ ત્રણેય સ્થળે આ સંયુક્ત યુદ્ધ અભ્યાસ યોજાશે.
- આ યુદ્ધ અભ્યાસમાં આર્મી, નેવી અને એરફોર્સ એમ ત્રણેય સેના ભાગ લેશે.
- ભારત અને રશિયા વચ્ચે આ યુદ્ધ અભ્યાસ વર્ષ 2003થી યોજાય છે.
- જોકે, ત્રણેય સેનાઓના સંયુક્ત યુદ્ધ અભ્યાસનો (Tri-Services Exercise)નો વર્ષ 2017થી પ્રારંભ થયો હતો.



## ➤ જાપાનની સોફ્ટ બેન્ક ગ્રૂપની પેરેન્ટ કંપની એસ. બી. એનર્જીની ગુજરાતમાં રૂ. 30,000 કરોડના રોકાણની જાહેરાત

જાપાનની સોફ્ટ બેન્ક ગ્રૂપની પેરેન્ટ કંપની SB Energy ગુજરાતમાં 4 બિલિયન અમેરિકન ડોલર એટલે કે આશરે રૂ. 30,000 કરોડનું રોકાણ કરશે. ગુજરાતમાં બિનપરંપરાગત ઊર્જાના ઉત્પાદન માટે આ રોકાણ કરવામાં આવશે. જાપાનના સોફ્ટ બેન્ક ગ્રૂપ દ્વારા ભારતમાં સૌપ્રથમ વખત 11 બિલિયન ડોલરના પ્રત્યક્ષ રોકાણની જાહેરાત કરવામાં આવી છે . જેમાંથી તે 4 બિલિયન ડોલર ગુજરાતમાં રોકશે.

### ICE Questions

1. 'આંતરરાષ્ટ્રીય ભ્રષ્ટાચાર વિરોધી દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 7 ડિસેમ્બર (B) 8 ડિસેમ્બર (C) 9 ડિસેમ્બર (D) 10 ડિસેમ્બર **(C)**

2. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 'નરસંહારનો ભોગ બનેલા લોકોની યાદ માટેના તથા નરસંહાર રોકવા માટેના આંતરરાષ્ટ્રીય દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?
(A) 7 ડિસેમ્બર (B) 8 ડિસેમ્બર (C) 9 ડિસેમ્બર (D) 10 ડિસેમ્બર **(C)**

3. ડિસેમ્બર 2019 દરમિયાન ભારત અને કયા દેશ વચ્ચે સંયુક્ત યુદ્ધ અભ્યાસ 'ઈન્દ્ર 2019'નું આયોજન થયું હતું ?
(A) અમેરિકા (B) ઓસ્ટ્રેલિયા (C) બ્રિટન (D) રશિયા **(D)**

4. ડિસેમ્બર 2019 દરમિયાન ભારત અને રશિયા વચ્ચે કઈ જગ્યાએ ઈન્દ્ર 2019 નામના યુદ્ધ અભ્યાસનું આયોજન થયું હતું ?
(A) બબીના, રાંચી, ગોવા (B) બબીના, મૈસૂર, ગોવા
(C) બબીના, પૂણે, ગોવા (D) બબીના, ભોપાલ, ગોવા **(C)**

5. ડિસેમ્બર 2019 દરમિયાન ભારત અને રશિયાની કઈ સેના વચ્ચે યુદ્ધ અભ્યાસ ઈન્દ્ર 2019નું આયોજન થયું હતું ?
(A) આર્મી (B) નેવી (C) એરફોર્સ (D) ઉપરોક્ત ત્રણેય **(D)**

6. તાજેતરમાં કયા દેશના સોફ્ટ બેન્ક ગ્રૂપની પેરેન્ટ કંપની એસ. બી. એનર્જીએ ગુજરાતમાં રૂ. 30,000 કરોડના મૂડી રોકાણની જાહેરાત કરી છે ?
(A) અમેરિકા (B) જાપાન (C) ફ્રાન્સ (D) ઓસ્ટ્રેલિયા **(B)**

7. ગુજરાતમાં શેના ઉત્પાદન માટે જાપાનની એસ. બી. એનર્જી નામની કંપનીએ ગુજરાતમાં 4 બિલિયન ડોલરના મૂડી રોકાણની જાહેરાત કરી છે ?
(A) પેકેજિંગ મટિરિયલ્સ (B) કોટન ફેબ્રિક (C) ઓટો પાર્ટ્સ (D) બિનપરંપરાગત ઊર્જા **(D)**

8. ગુજરાતમાં બિનપરંપરાગત ઊર્જાના ઉત્પાદન માટે જાપાનના સોફ્ટ બેન્ક ગ્રૂપની કઈ પેરેન્ટ કંપનીએ ગુજરાતમાં રૂ. 30,000 કરોડના રોકાણની જાહેરાત કરી છે ?
(A) એસ. બી. એનર્જી (B) એસ. કે. એનર્જી
(C) એચ. બી. એનર્જી (D) એચ. કે. એનર્જી **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 10 DECEMBER, 2019 TUESDAY

### ➤ દિવસ મહિમા : 10 ડિસેમ્બર, માનવ અધિકાર દિન (Human Rights Day)




સમગ્ર વિશ્વમાં દર વર્ષે 10 ડિસેમ્બરના રોજ 'માનવ અધિકાર દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- યુનાઈટેડ નેશન્સ દ્વારા 1948થી આ દિવસની ઉજવણીનો પ્રારંભ થયો હતો.
- વર્ષ 2019ની 'માનવ અધિકાર દિન'ની થીમ 'Youth Standing up for Human Rights' છે.

### ➤ Human Development Index 2019માં ભારત 129મા ક્રમે

સંયુક્ત રાષ્ટ્રના UNDP એટલે કે United Nations Development Programe દ્વારા તાજેતરમાં Human Development Index 2019 નામનો એક રિપોર્ટ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

- આ માનવ વિકાસ સૂચકાંકમાં વિશ્વના 189 દેશોમાં ભારત 129મા ક્રમે છે.
- આ અગાઉ વર્ષ 2018માં પ્રસિદ્ધ થયેલા આ રિપોર્ટમાં ભારત 130મા ક્રમે હતું.
- આથી, વર્ષ 2018ની તુલનાએ વર્ષ 2019માં ભારતના રેન્કિંગમાં એક ક્રમનો સુધારો થયો છે.
- વર્ષ 2019ના આ રિપોર્ટમાં નોર્વે પ્રથમ ક્રમે છે.
- નોર્વે બાદ સ્વિત્ઝર્લેન્ડ બીજા અને આયર્લેન્ડ ત્રીજા ક્રમે છે.
- જ્યારે નાઈજર અંતિમ 189મા ક્રમે છે.

**Human Development Index 2019 Ranking**

| Rank | Country | HDI Value |
|---|---|---|
| 1 | નોર્વે | 0.954 |
| 2 | સ્વિત્ઝર્લેન્ડ | 0.946 |
| 3 | આયર્લેન્ડ | 0.942 |
| 71 | શ્રીલંકા | 0.780 |
| 85 | ચીન | 0.758 |
| 104 | માલદીવ | 0.719 |
| 129 | ભારત | 0.647 |
| 134 | ભૂટાન | 0.617 |
| 135 | બાંગ્લાદેશ | 0.614 |
| 145 | મ્યાનમાર | 0.584 |
| 147 | નેપાળ | 0.579 |
| 152 | પાકિસ્તાન | 0.560 |
| 170 | અફઘાનિસ્તાન | 0.496 |
| 189 | નાઈજર | 0.377 |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

આ રિપોર્ટમાં ભારતની Human Development Index (HDI) Value 0.647 છે.

- આ રિપોર્ટમાં ભારતના પાડોશી દેશોમાં શ્રીલંકા, ચીન અને માલદીવ ભારતથી રેન્કમાં આગળ છે.
- આ રિપોર્ટ અનુસાર વર્ષ 2005-06થી 2015-16 દરમિયાન ભારતમાં 27.1 કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા છે.

**નોંધ :** (1) ગરીબી, શિક્ષણ, અપેક્ષિત આયુષ્ય અને સ્વાસ્થ્ય સુરક્ષા જેવા માપદંડોને આધારે આ રિપોર્ટ તૈયાર કરવામાં આવે છે.

(2) આ રિપોર્ટ 'Beyond income, beyond averages, beyond today : Inequalities in human development in the 21st Century' નામના શીર્ષકથી પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો.

(3) UNDP દ્વારા 1990થી દર વર્ષે આ રિપોર્ટ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

## ➤ દક્ષિણ આફ્રિકાના સુશ્રી ઝોજીબિની તુન્ઝીએ Miss Universe 2019 તાજ જીત્યો



8 ડિસેમ્બર 2019ના રોજ અમેરિકાના જ્યોર્જિયા રાજ્યના પાટનગર એટલાન્ટા ખાતે Tyler Perry Studiosમાં 68મી મિસ યુનિવર્સ સ્પર્ધાનું આયોજન થયું હતું.

- આ સ્પર્ધામાં દક્ષિણ આફ્રિકાના સુશ્રી ઝોજીબિની તુન્ઝીએ મિસ યુનિવર્સ 2019નો તાજ જીતી લીધો છે.
- ફિલિપિન્સના સુશ્રી કેટરિઓના ગ્રેએ સુશ્રી ઝોજીબિની તુન્ઝીને 'મિસ યુનિવર્સ'નો તાજ પહેરાવ્યો હતો.
- આ અગાઉ 2018માં ફિલિપિન્સના સુશ્રી કેટરિઓના ગ્રેએ આ તાજ જીત્યો હતો.
- આ સ્પર્ધામાં Miss Diva 2019 વિજેતા લખનૌના સુશ્રી વર્તિકા સિંહે ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. જોકે, તેમને સફળતા મળી ન હતી.

### Miss Universe

વિશ્વની ચાર મોટી સૌંદર્ય સ્પર્ધાઓમાં મિસ યુનિવર્સ, મિસ વર્લ્ડ, મિસ અર્થ અને મિસ ઈન્ટરનેશનલનો સમાવેશ થાય છે.

- જેમાંથી 28 જૂન, 1952ના રોજ મિસ યુનિવર્સ સ્પર્ધાનો પ્રારંભ થયો હતો.
- તેનો Motto અથવા તો આદર્શ વાક્ય Confidently Beautiful છે.
- વર્ષ 2019 સુધીમાં ભારતની બે યુવતીઓએ આ ખિતાબ જીત્યો છે.

  (1) સુશ્રી સુશ્મિતા સેન (1994)

  (2) સુશ્રી લારા દત્તા (2000)

### ICE ? Questions

1. 'માનવ અધિકાર દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

   (A) 9 ડિસેમ્બર (B) 10 ડિસેમ્બર (C) 11 ડિસેમ્બર (D) 12 ડિસેમ્બર — **(B)**

2. વર્ષ 2019ના 'માનવ અધિકાર દિવસ'ની થીમ શું છે ?

   (A) Women Standing up for Human Rights

   (B) Girls Standing up for Human Rights

   (C) Boys Standing up for Human Rights

   (D) Youth Standing up for Human Rights — **(D)**

3. Human Development Index (અથવા તો માનવ વિકાસ સૂચકાંક) 2019માં ભારત કયા ક્રમે છે ?
(A) 122મા (B) 127મા (C) 129મા (D) 130મા — **(C)**

4. હ્યુમન ડેવલપમેન્ટ ઈન્ડેક્સ 2019માં પ્રથમ ક્રમે કયો દેશ છે ?
(A) નોર્વે (B) સ્વિત્ઝર્લેન્ડ (C) ફિનલેન્ડ (D) આયર્લેન્ડ — **(A)**

5. હ્યુમન ડેવલપમેન્ટ ઈન્ડેક્સ 2019માં અંતિમ 189મા ક્રમે કયો દેશ છે ?
(A) ઝિમ્બાબ્વે (B) ઝામ્બિયા (C) નાઈજર (D) કોંગો — **(C)**

6. હ્યુમન ડેવલપમેન્ટ ઈન્ડેક્સ કોના દ્વારા પ્રસિદ્ધ થાય છે ?
(A) WHO (B) UNESCO (C) UNDP (D) World Bank — **(C)**

7. મિસ યુનિવર્સ 2019 વિજેતા યુવતીનું નામ શું છે ?
(A) સુશ્રી ઝોજીબિની તુન્ઝી (B) સુશ્રી ઝોજીબિની ફ્યુજી
(C) સુશ્રી ઝોજીબિની કોન્ગી (D) સુશ્રી ઝોજીબિની સ્ટ્રેન્ઝી — **(A)**

8. મિસ યુનિવર્સ 2019 વિજેતા સુશ્રી ઝોજીબિની તુન્ઝીના દેશનું નામ શું છે ?
(A) નાઈજીરિયા (B) મેસેડોનિયા (C) ગ્રીસ (D) દક્ષિણ આફ્રિકા — **(D)**

## 11 DECEMBER, 2019 WEDNESDAY

### ➤ દિવસ મહિમા : 11 ડિસેમ્બર, આંતરરાષ્ટ્રીય પર્વત દિવસ (International Mountain Day)

પર્વતોના સંરક્ષણ અંગે જાગૃતિ ફેલાવવા માટે સમગ્ર વિશ્વમાં દર વર્ષે **11 ડિસેમ્બર**ના રોજ **'આંતરરાષ્ટ્રીય પર્વત દિવસ'**ની ઉજવણી કરવામાં આવે છે.

- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વર્ષ **2003**માં આ દિવસની ઉજવણીની મંજૂરી આપવામાં આવી હતી.
- વર્ષ **2019**ના આંતરરાષ્ટ્રીય પર્વત દિવસની થીમ **'Mountains matter for youth'** છે.

### ➤ ફિનલેન્ડના સુશ્રી સના મરીન વિશ્વના સૌથી યુવા વડાપ્રધાન બન્યા



10 ડિસેમ્બર, 2019ના રોજ **સુશ્રી સના મરીને ફિનલેન્ડ**ના **46મા વડાપ્રધાન** તરીકે હોદ્દો સંભાળ્યો છે.

- આ સાથે જ **34 વર્ષીય** સુશ્રી સના મરીન **વિશ્વના વર્તમાન સૌથી યુવા વડાપ્રધાન** એટલે કે હાલ હોદ્દા પર હોય તેવા વિશ્વના તમામ વડાપ્રધાનોમાં સૌથી યુવા વડાપ્રધાન બની ગયા છે.
- આ ઉપરાંત **સુશ્રી સના મરીન ફિનલેન્ડ**ના અત્યાર સુધીના **સૌથી યુવા વડાપ્રધાન** બની ગયા છે.
- સુશ્રી સના મરીનનો જન્મ 16 નવેમ્બર, 1985ના રોજ **ફિનલેન્ડ**ના **હેલસિન્કી** ખાતે થયો હતો.
- તેમનું પૂરું નામ **સુશ્રી સના મિરેલા મરીન** છે.
- તેઓ **શ્રી એન્ટી રીને**ની જગ્યાએ ફિનલેન્ડના નવા વડાપ્રધાન બન્યા છે.
- તેમના પક્ષનું નામ **Social Democratic** છે.
- સુશ્રી સના મરીન ફિનલેન્ડના પૂર્વ **પરિવહન અને સંદેશાવ્યવહાર મંત્રી** છે.

**નોંધ :** (1) ફિનલેન્ડમાં વર્ષ **2019**માં યોજાયેલી ચૂંટણી બાદ **'સોસિયલ ડેમોક્રેટિક પક્ષ'**ના **શ્રી એન્ટી રીને** 6 જૂન 2019ના રોજ ફિનલેન્ડના વડાપ્રધાન બન્યા હતા.
(2) હવે તેમના રાજીનામા બાદ તેમના જ પક્ષના સુશ્રી સના મરીન ફિનલેન્ડના નવા વડાપ્રધાન બન્યા છે.

## ICE Questions

| | | |
|---|---|---|
| 1. | 'આંતરરાષ્ટ્રીય પર્વત દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?<br>(A) 10 ડિસેમ્બર (B) 11 ડિસેમ્બર (C) 12 ડિસેમ્બર (D) 13 ડિસેમ્બર | (B) |
| 2. | વર્ષ 2019ના 'આંતરરાષ્ટ્રીય પર્વત દિવસ'ની થીમ શું છે ?<br>(A) Mountains matter for Youth (B) Mountains matter for Men<br>(C) Mountains matter for Women (D) Mountains matter for Boys | (A) |
| 3. | 10 ડિસેમ્બર, 2019ના રોજ વિશ્વના સૌથી નાની વયના વર્તમાન વડાપ્રધાન કોણ બન્યું છે ?<br>(A) સુશ્રી સનાયા મરીન (B) સુશ્રી સાનીયા મરીન<br>(C) સુશ્રી સના મરીન (D) સુશ્રી સનાલી મરીન | (C) |
| 4. | 10 ડિસેમ્બર 2019ના રોજ સુશ્રી સના મરીન કયા દેશના સૌથી નાની ઉંમરના વડાપ્રધાન બન્યા છે ?<br>(A) સ્વિડન (B) નોર્વે (C) ફિનલેન્ડ (D) આયર્લેન્ડ | (C) |
| 5. | સુશ્રી સના મરીનના પક્ષનું નામ શું છે ?<br>(A) સોસિયલ રિફોર્મ પાર્ટી (B) સોસિયલ ઈન્ડિપેન્ડેન્ટ પાર્ટી<br>(C) સોસિયલ પિપલ પાર્ટી (D) સોસિયલ ડેમોક્રેટિક પાર્ટી | (D) |

## 12 DECEMBER, 2019 THURSDAY

➤ **દિવસ મહિમા : 12 ડિસેમ્બર,** (1) **આંતરરાષ્ટ્રીય યુનિવર્સલ હેલ્થ કવરેજ દિવસ** (International Universal Health Coverage Day)
(2) **આંતરરાષ્ટ્રીય તટસ્થતા દિવસ** (International Day of Neutrality)

### ➤ ભારતના ઓબ્ઝર્વેશન સેટેલાઈટ RISAT-2BR1 સહિત ઈસરો દ્વારા કુલ 10 ઉપગ્રહ સફળતાપૂર્વક લોન્ચ



11 ડિસેમ્બર, 2019ના રોજ ભારતમાં ઈસરો દ્વારા ભારતના RISAT-2BR1 સહિત કુલ 10 ઉપગ્રહો સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યા છે.

- આ 10 ઉપગ્રહોમાં ભારતના RISAT-2BR1 સિવાયના બાકીના 9 ઉપગ્રહો અન્ય દેશોના હતા.
- અન્ય દેશોના આ 9 ઉપગ્રહોમાંથી અમેરિકાના 6 અને જાપાન, ઈટલી તેમજ ઈઝરાયેલના 1-1 ઉપગ્રહોનો સમાવેશ થાય છે.
- ભારતમાં આંધ્રપ્રદેશના શ્રી હરિકોટા ખાતે આવેલા સતીષ ધવન સ્પેસ સેન્ટરના એક નંબરના લોન્ચ પેડ પરથી PSLV-QL C48 નામના રોકેટની મદદથી આ 10 ઉપગ્રહો લોન્ચ કરવામાં આવ્યા છે.
- જે શ્રી હરિકોટા ખાતેના સતીષ ધવન સ્પેસ સેન્ટરથી થયેલું 75મું લોન્ચિંગ હતું.
- જ્યારે ઈસરોના રોકેટ PSLV (Polar Satellite Launch Vehicle)ની આ 50મી ઉડાન હતી.

## RISAT-2BR1 ઉપગ્રહ

RISAT-2BR1એ ઈસરો દ્વારા નિર્માણ પામેલો ભારતનો Radar Imaging Earth Observation Satellite છે.

- તેનું વજન 628 કિલોગ્રામ છે.
- આ ઉપગ્રહનું આયુષ્ય (Mission Life) 5 વર્ષ હશે.
- આ ઉપગ્રહ ભારતમાં **ખેતી, જંગલ સંરક્ષણ તથા ડિઝાસ્ટર મેનેજમેન્ટ** માટે ઉપયોગી થશે.
- આ ઉપગ્રહના પેલોડમાં X-Band Radarનો સમાવેશ થાય છે.
- RISAT-2BR1એ ભારતનો RISAT સીરિઝનો **ચોથો** ઉપગ્રહ છે.
- આ ઉપગ્રહથી કોઈપણ વાતાવરણમાં પૃથ્વીની હાઈ રિઝોલ્યુશન તસવીર લઈ શકાય છે. આથી, જરૂર પડ્યે આ ઉપગ્રહનો લશ્કરી હેતુ માટે પણ ઉપયોગ થઈ શકે છે.

**નોંધ :** ભારત સિવાયના અન્ય 9 દેશોના ઉપગ્રહો ઈસરોની કોમર્શિયલ શાખા New Space India Limited (NSIL) સાથે થયેલા વ્યાપારી કરાર અંતર્ગત લોન્ચ કરવામાં આવ્યા છે.

## ICE Questions

1. યુનાઈટેડ નેશન્સ દ્વારા 'આંતરરાષ્ટ્રીય યુનિવર્સલ હેલ્થ કવરેજ દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?
   (A) 10 ડિસેમ્બર (B) 11 ડિસેમ્બર (C) 12 ડિસેમ્બર (D) 13 ડિસેમ્બર — (C)

2. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 'આંતરરાષ્ટ્રીય તટસ્થતા દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?
   (A) 10 ડિસેમ્બર (B) 11 ડિસેમ્બર (C) 12 ડિસેમ્બર (D) 13 ડિસેમ્બર — (C)

3. 11 ડિસેમ્બર, 2019ના રોજ ઈસરો દ્વારા ભારતના RISAT-2BR1 સહિત કુલ કેટલા ઉપગ્રહો લોન્ચ કરવામાં આવ્યા છે ?
   (A) 8 (B) 10 (C) 15 (D) 31 — (B)

4. 11 ડિસેમ્બર 2019ના રોજ ઈસરો દ્વારા લોન્ચ થયેલા અન્ય 9 ઉપગ્રહોમાં કયા દેશના સૌથી વધુ 6 ઉપગ્રહનો સમાવેશ થાય છે ?
   (A) અમેરિકા (B) જાપાન (C) ઈટલી (D) ઈઝરાયેલ — (A)

5. 11 ડિસેમ્બર, 2019ના રોજ ઈસરો દ્વારા RISAT-2BR1 સહિત કુલ 10 ઉપગ્રહો ક્યાંથી લોન્ચ કરવામાં આવ્યા હતા ?
   (A) લોન્ચ પેડ-1 સતીષ ધવન સ્પેસ સેન્ટર, શ્રી હરિકોટા (આંધ્રપ્રદેશ)
   (B) લોન્ચ પેડ-1 સતીષ ધવન સ્પેસ સેન્ટર, શ્રી હરિકોટા (તમિલનાડુ)
   (C) લોન્ચ પેડ-1 સતીષ ધવન સ્પેસ સેન્ટર, શ્રી હરિકોટા (તેલંગાણા)
   (D) લોન્ચ પેડ-1 સતીષ ધવન સ્પેસ સેન્ટર, શ્રી હરિકોટા (ઓડિશા) — (A)

6. 11 ડિસેમ્બર, 2019ના રોજ ઈસરો દ્વારા કયા રોકેટની મદદથી RISAT-2BR1 નામના ઉપગ્રહ સહિત કુલ 10 ઉપગ્રહો લોન્ચ કરવામાં આવ્યા છે ?
   (A) PSLV-QL C47 (B) PSLV-QL C48 (C) PSLV-QL C49 (D) PSLV-QL C50 — (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

| | | |
|---|---|---|
| 7. | RISAT-2BR1 સહિત અન્ય 9 ઉપગ્રહોનું લોન્ચિંગ એ આંધ્રપ્રદેશના શ્રી હરિકોટા ખાતેના સતીષ ધવન સ્પેસ સેન્ટરથી થયેલું કેટલામું લોન્ચિંગ હતું ?<br>(A) 50મું (B) 75મું (C) 100મું (D) 101મું | (B) |
| 8. | RISAT-2BR1નું લોન્ચિંગ એ PSLVની કેટલામી ઉડાન હતી ?<br>(A) 25મી (B) 40મી (C) 50મી (D) 75મી | (C) |
| 9. | RISAT-2BR1 એ કયા પ્રકારનો ઉપગ્રહ છે ?<br>(A) રડાર ઈમેજિંગ પૃથ્વી નિરીક્ષણ (B) સંદેશાવ્યવહાર<br>(C) હવામાન (D) ત્રણમાંથી કોઈ નહિ | (A) |

## 13 DECEMBER, 2019 FRIDAY

### ➤ સાઉથ એશિયન ગેમ્સ 2019માં રેકોર્ડ 311 મેડલ જીતીને ભારત મેડલ ટેબલમાં પ્રથમ ક્રમે

1થી 10 ડિસેમ્બર 2019 દરમિયાન નેપાળના કાઠમંડુ, પોખારા અને જનકપુર ખાતે સાઉથ એશિયન ગેમ્સ 2019નું આયોજન થયું હતું.




- જે 13મી સાઉથ એશિયન ગેમ્સ હતી.
- આ સાઉથ એશિયન ગેમ્સમાં ભારત, બાંગ્લાદેશ, ભૂટાન, માલદીવ, નેપાળ, પાકિસ્તાન અને શ્રીલંકા એમ કુલ 7 દેશોએ ભાગ લીધો હતો.
- જેમાં 173 ગોલ્ડ, 93 સિલ્વર અને 45 બ્રોન્ઝ સહિત કુલ 311 મેડલ જીતીને ભારત મેડલ ટેબલમાં પ્રથમ ક્રમે છે.
- જ્યારે ભારત બાદ નેપાળ બીજા, શ્રીલંકા ત્રીજા અને પાકિસ્તાન ચોથા ક્રમે છે.
- જ્યારે ભૂટાન મેડલ ટેબલમાં અંતિમ સાતમા ક્રમે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**South Asian Games 2019 Medal Tally**

(South Asian Games 2019ની Official Site - www.13sagnepal.com અનુસાર)

| Rank | Country | Gold | Silver | Bronze | Total |
|---|---|---|---|---|---|
| 1 | ભારત | 173 | 93 | 45 | 311 |
| 2 | નેપાળ | 51 | 60 | 95 | 206 |
| 3 | શ્રીલંકા | 40 | 83 | 128 | 251 |
| 4 | પાકિસ્તાન | 32 | 41 | 59 | 132 |
| 5 | બાંગ્લાદેશ | 19 | 32 | 87 | 138 |
| 6 | માલદીવ | 1 | 0 | 4 | 5 |
| 7 | ભૂટાન | 0 | 7 | 13 | 20 |

**નોંધ :**
(1) સાઉથ એશિયન ગેમ્સનો પ્રારંભ 1984થી થયો છે.
(2) આ અગાઉ વર્ષ 2016માં ભારતના ગુવાહાટી અને શિલોંગ ખાતે 12મી સાઉથ એશિયન ગેમ્સનું આયોજન થયું હતું.
(3) હવે પછી 2020માં પાકિસ્તાનના કરાંચી ખાતે 14મી સાઉથ એશિયન ગેમ્સ યોજાશે.
(4) સાઉથ એશિયન ગેમ્સ 2019નો મેસ્કોટ બ્લેકબક્સની જોડી હતો.
(5) સાઉથ એશિયન ગેમ્સ 2019માં ભારતે પોતાનો વર્ષ 2016નો 309નો રેકોર્ડ તોડીને 311 મેડલનો રેકોર્ડ બનાવ્યો છે.
(6) સાઉથ એશિયન ગેમ્સનું સંચાલન South Asia Olympic Council (SAOC) દ્વારા કરવામાં આવે છે.

## ICE ? Questions

1. ડિસેમ્બર 2019 દરમિયાન કેટલામી સાઉથ એશિયન ગેમ્સનું આયોજન થયું હતું ?
(A) 12મી (B) 13મી (C) 14મી (D) 15મી **(B)**

2. સાઉથ એશિયન ગેમ્સ 2019 ક્યાં યોજાઈ હતી ?
(A) ગુવાહાટી, શિલોંગ (ભારત) (B) કરાંચી, રાવલપિંડી (પાકિસ્તાન)
(C) કાઠમંડુ, પોખારા (નેપાળ) (D) ઢાકા, ચિત્તગોંગ (બાંગ્લાદેશ) **(C)**

3. સાઉથ એશિયન ગેમ્સ 2019માં મેડલ ટેલીમાં પ્રથમ ત્રણ ક્રમે કયા દેશો છે ?
(A) ભારત, નેપાળ, શ્રીલંકા (B) ભારત, શ્રીલંકા, નેપાળ
(C) ભારત, નેપાળ, પાકિસ્તાન (D) ભારત, શ્રીલંકા, પાકિસ્તાન **(A)**

4. સાઉથ એશિયન ગેમ્સ 2019નો મેસ્કોટ શું હતો ?
(A) લાયન (B) ટાઈગર (C) બેંગાલ ટાઈગર (D) બ્લેકબક **(D)**

5. હવે પછી વર્ષ 2020માં 14મી સાઉથ એશિયન ગેમ્સ 2020 ક્યાં યોજાશે ?
(A) કોલકાતા (B) ઈસ્લામાબાદ (C) ઢાકા (D) કરાંચી **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 14 DECEMBER, 2019 SATURDAY

### ➤ દિવસ મહિમા : 14 ડિસેમ્બર, રાષ્ટ્રીય ઊર્જા સંરક્ષણ દિન (National Energy Conservation Day)

### ➤ Climate Change Performance Index (CCPI) 2020માં ભારતનો ટોપ 10માં સમાવેશ

સ્પેનની રાજધાની મેડ્રિડ ખાતે યોજાયેલી ક્લાયમેટ ચેન્જ કોન્ફરન્સ (COP-25)માં Climate Action Network (CAN) તેમજ Germanwatch નામની નવી Climate Institute દ્વારા Climate Change Performance Index (CCPI) 2020 પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

- આ ઈન્ડેક્સમાં કાર્બન ઉત્સર્જન ઘટાડવા માટે પ્રયાસ કરી રહેલા દેશોની યાદીમાં ભારત 9મા ક્રમે છે.
- આ ઈન્ડેક્સમાં પ્રથમ વખત ભારતનો ટોપ 10માં સમાવેશ થયો છે.

- આ ઈન્ડેકસના **પ્રથમ ત્રણ ક્રમે** એક પણ દેશનો સમાવેશ થયો નથી કેમ કે કાર્બન ઉત્સર્જન ઘટાડવા માટે હજુ સુધી એક પણ દેશને સફળતા મળી નથી.
- આ ઈન્ડેકસમાં **સ્વિડન ચોથા** ક્રમે છે.
- **સ્વિડન** બાદ **ડેન્માર્ક પાંચમા** અને **મોરોક્કો છઠ્ઠા** ક્રમે છે.
- જ્યારે **અમેરિકા** અંતિમ **61મા** ક્રમે છે.

**CCPI Index 2020 Rank**

| Rank | Country |
|---|---|
| 1 | - |
| 2 | - |
| 3 | - |
| 4 | સ્વિડન |
| 5 | ડેન્માર્ક |
| 6 | મોરોક્કો |
| 7 | બ્રિટન |
| 9 | ભારત |
| 30 | ચીન |
| 51 | જાપાન |
| 60 | સાઉદી અરેબિયા |
| 61 | અમેરિકા |

**નોંધ :** (1) આઈ ઈન્ડેકસમાં **ભારત**નો સમાવેશ **'High'** કેટેગરીના દેશોમાં થયો છે.
(2) જ્યારે **અમેરિકા**નો સમાવેશ **'Very Low'** કેટેગરીમાં થયો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ The Citizenship (Amendment) Bill, 2019ને રાષ્ટ્રપતિની મંજૂરી

તાજેતરમાં ભારતની **સંસદ**માં પસાર થયેલા **નાગરિકતા (સંશોધન) બિલ, 2019**ને રાષ્ટ્રપતિની મંજૂરી મળી ગઈ છે.

- આથી રાષ્ટ્રપતિની મંજૂરી મળતા જ હવે આ બિલે કાયદાનું સ્વરૂપ ધારણ કરી લીધું છે.
- કેન્દ્રીય ગૃહ મંત્રી **શ્રી અમિત શાહે** આ બિલ ભારતની સંસદમાં રજૂ કર્યું છે.

### બિલ લોકસભામાં

રાષ્ટ્રપતિની મંજૂરી અગાઉ આ બિલ 9 ડિસેમ્બર 2019ના રોજ **311 વિરુદ્ધ 80 મતોથી લોકસભામાં** પસાર થયું હતું.

### બિલ રાજ્યસભામાં

લોકસભામાં પસાર થયા બાદ આ બિલ 11 ડિસેમ્બર 2019ના રોજ **125 વિરુદ્ધ 105 મતોથી રાજ્યસભામાં** પણ પસાર થઈ ગયું હતું.

- લોકસભા અને રાજ્યસભામાં પસાર થયા બાદ 12 ડિસેમ્બર 2019ના રોજ રાષ્ટ્રપતિ **શ્રી રામનાથ કોવિંદે** પણ આ બિલને મંજૂરી આપી દીધી છે. આથી, આ બિલે હવે કાયદાનું સ્વરૂપ ધારણ કરી લીધું છે.

## બિલ દ્વારા કયા એક્ટમાં સંશોધન કરવામાં આવ્યું છે ?

ભારતની સંસદમાં પસાર થયેલા અને ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે જેને મંજૂરી આપી છે તે 'નાગરિકતા (સંશોધન) બિલ, 2019' દ્વારા **'The Citizenship Act, 1955' (નાગરિકતા અધિનિયમ, 1955)**માં સુધારો કરવામાં આવ્યો છે.

## બિલની મહત્ત્વની જોગવાઈ

ભારતની સંસદમાં પસાર થયેલા અને ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે જેને મંજૂરી આપી છે તે 'નાગરિકતા (સંશોધન) બિલ, 2019'ની મહત્ત્વની જોગવાઈઓ આ પ્રમાણે છે :

(1) આ બિલની જોગવાઈ અનુસાર **પાકિસ્તાન, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાન**થી એમ કુલ **ત્રણ દેશોમાંથી** ભારતમાં આવેલા શરણાર્થી **હિંદુ, શીખ, પારસી, ખ્રિસ્તી, જૈન અને બૌદ્ધ** એમ **કુલ 6 સમુદાયોને** ભારતની નાગરિકતા આપવામાં આવશે, પરંતુ તેમાં **મુસ્લિમોનો** સમાવેશ થશે નહિ.

(2) આ ત્રણ દેશોના એવા શરણાર્થીઓ કે જેઓ **31 ડિસેમ્બર, 2014 કે તેની પહેલાથી** ભારતમાં રહેતા હોય તેઓ ભારત સરકાર સમક્ષ ભારતીય નાગરિકતા માટે અપીલ કરી શકશે.

(3) જોકે તેઓ **5 વર્ષ કે તેથી વધુ સમયથી** ભારતમાં વસવાટ કરતા હોવા જોઈએ. (અગાઉ આ જોગવાઈ **11 વર્ષ**ની હતી. જોકે તેને ઘટાડીને હવે **5 વર્ષ**ની કરવામાં આવી છે.)

(4) જો આવા કોઈ શરણાર્થી પર દેશમાં કેસ ચાલતો હોય તો તેને કારણે આવા શરણાર્થીઓને નાગરિકતા મેળવતા અટકાવવામાં આવશે નહીં.

(5) આ બિલની જોગવાઈ નીચેના વિસ્તારોમાં લાગુ પડશે નહિ.

(i) આસામ, મેઘાલય, મિઝોરમ અને ત્રિપુરા રાજ્યના આદિવાસી વિસ્તારોમાં અને,

(ii) અરૂણાચલ પ્રદેશ, મિઝોરમ અને નાગાલેન્ડના એવા વિસ્તારો કે જેને 'ઈનર લાઈન પરમીટ' દ્વારા સંરક્ષણ આપવામાં આવ્યું હોય.

## બિલનો ઉદ્દેશ

**પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને બાંગ્લાદેશ**નો એક ચોક્કસ રાજધર્મ છે.

- આ ત્રણ દેશોમાં હિંદુ, શીખ, પારસી, ખ્રિસ્તી, બૌદ્ધ અને જૈન સમુદાય લઘુમતીમાં છે.
- અને આ દેશોમાં ખાસ કરીને પાકિસ્તાન અને બાંગ્લાદેશમાં લઘુમતીઓ પર સતત અત્યાચારો થઈ રહ્યા છે. આથી, તેઓ રક્ષણ માટે ભારતમાં શરણ લઈ રહ્યા છે.
- પરિણામે, આવા શરણાર્થીઓને ભારતમાં રક્ષણ આપવા માટે અને તેમને ભારતની નાગરિકતા આપવા માટે કેન્દ્ર સરકાર દ્વારા આ બિલ લાવવામાં આવ્યું છે.
- આથી, આ બિલ દ્વારા ભારતમાં આવેલા લાખો શરણાર્થીઓને લાભ થશે અને તેમને ભારતની કાયદેસરની નાગરિકતા મળી શકશે.

## ભારતની સંસદમાં સામાન્ય બિલ અથવા તો સામાન્ય ખરડો પસાર થવાની પ્રક્રિયા

### સામાન્ય ખરડો (અનુચ્છેદ-107) પસાર થવાની પ્રક્રિયા

- સામાન્ય ખરડો એ સંસદના કોઈપણ ગૃહમાં (રાજ્યસભા/લોકસભા) પ્રથમ રજૂ કરવામાં આવે છે.
- ખરડો એ 7 અવસ્થા અને 3 વાંચનમાંથી ગૃહમાં પસાર થાય છે. આ પ્રક્રિયા નીચે મુજબ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## લોકસભા/રાજ્યસભામાં ખરડો રજૂ (પ્રથમ ગૃહ)

**અવસ્થા : 1 — પ્રથમ વાંચન**
- આ વાંચનમાં ખરડાનું શીર્ષક જાહેર કરવામાં આવે
- ખરડાનો ઉદ્દેશ્ય જાહેર કરવામાં આવે.
- ખરડો રાજપત્રમાં પ્રકાશિત થાય.

↓

**અવસ્થા : 2 થી 6 (ખરડાની 2-6 અવસ્થા એ બીજા વાંચનનો ભાગ છે) — બીજું વાંચન**
- ખરડાની બાબતો પર વિસ્તૃત ચર્ચા કરી ખરડાને સમિતિને સોંપવામાં આવે છે.

↓

**અવસ્થા : 2 — સામાન્ય ચર્ચા**

↓

**અવસ્થા : 3 — સમિતિને સોંપણી (પ્રવર સમિતિ અથવા બંને ગૃહોની સંયુક્ત પ્રવર સમિતિને)**
- આ અવસ્થામાં ખરડાની ગૃહમાં ચર્ચા થઈ ગયા બાદ ખરડાને પ્રવર સમિતિ અથવા બંને ગૃહોની સંયુક્ત પ્રવર સમિતિને મોકલવામાં આવે છે. સમિતિ ખરડા પર વિચાર–વિમર્શ કરી પોતાનો અહેવાલ સોંપે છે.

↓

**અવસ્થા : 4 — સમિતિ અહેવાલ રજૂ કરે**
- સમિતિ ખરડા પર વિચાર કરી કેટલી બાબતો રાખવી તથા દૂર કરવી વગેરે અંગે પોતાનો અહેવાલ ગૃહને સોંપે છે.

↓

**અવસ્થા : 5 — સમિતિના અહેવાલ પર ચર્ચા**
- સમિતિ દ્વારા અહેવાલની સોંપણી કર્યા બાદ ગૃહમાં સમિતિના અહેવાલ પર ચર્ચા કરવામાં આવે છે. આ અવસ્થા દરમિયાન પણ ખરડાની બાબતો પર સુધારા કરવા સૂચવી શકાય છે.
- જો કોઈ સુધારો સૂચવવામાં આવ્યો હોય અને સદસ્યો તેને માન્ય રાખે તો એ ખરડાનો ભાગ બની જાય છે.

↓

**અવસ્થા : 6 — સમિતિના અહેવાલના દરેક ખંડ પર મતદાન**
- સમિતિના અહેવાલ પર ચર્ચા કર્યા બાદ ખરડાના દરેક ખંડ પર મતદાન કરવામાં આવે છે.

↓

**અવસ્થા : 7 — ત્રીજું વાંચન**
- અહીં ખરડો અંતિમ રૂપથી મતદાન માટે ગૃહ સમક્ષ મુકાય છે અને સંપૂર્ણ ખરડાનો મતદાન કરી સ્વીકાર અથવા અસ્વીકાર કરવામાં આવે છે.

- પ્રથમ ગૃહમાંથી ખરડો 7 અવસ્થા અને 3 વાંચનમાંથી પસાર થયા બાદ બીજા ગૃહમાં મોકલવામાં આવે છે. બીજા ગૃહમાં પણ ખરડો પ્રથમ ગૃહ જેવી પ્રક્રિયામાંથી જ પસાર થાય છે.
- બીજા ગૃહમાં ખરડા પર 3 વાંચન બાદ નીચે મુજબની પરિસ્થિતિ સર્જાય છે :

**બીજા ગૃહમાં ખરડા પર 3 વાંચન બાદની પરિસ્થિતિ**

- બીજા ગૃહ દ્વારા ખરડાનો સ્વીકાર કરવામાં આવે તો ખરડો બંને ગૃહમાંથી પસાર થયો ગણાય.
- બીજુ ગૃહ ખરડામાં સુધારા સૂચવે. જે પ્રથમ ગૃહ માન્ય રાખે તો પણ ખરડો પસાર થયો ગણાય.

અથવા

- નીચેના સંજોગોમાં ખરડા પર વિરોધાભાસની પરિસ્થિતિ સર્જાય.
  (1) બીજું ગૃહ ખરડાનો અસ્વીકાર કરે
  (2) બીજું ગૃહ ખરડામાં સુધારો સૂચવે જે પ્રથમ ગૃહને માન્ય ન હોય
  (3) બીજું ગૃહ ખરડા પર 6 મહિના સુધી કોઈ કાર્યવાહી ન કરે

બંને ગૃહમાંથી ખરડો પસાર થાય ત્યારબાદ ખરડો રાષ્ટ્રપતિની મંજૂરી માટે મોકલવામાં આવે છે. રાષ્ટ્રપતિ પાસે ખરડાને મંજૂરી આપવા સંદર્ભે નીચે મુજબના વિકલ્પો છે :

(1) રાષ્ટ્રપતિ ખરડાનો સ્વીકાર કરી મંજૂરી આપે
(2) રાષ્ટ્રપતિ ખરડાનો અસ્વીકાર કરે. (આત્યંતિક વીટો)
(3) રાષ્ટ્રપતિ ખરડાને પુનઃ વિચારણા માટે મોકલે (નિલંબનકારી વીટો)
(4) રાષ્ટ્રપતિ ખરડાનો સ્વીકાર કે અસ્વીકાર ન કરે અને પુનઃ વિચારણા માટે પણ ન મોકલે (પોકેટ/જેબી વીટો)

**નોંધ** : રાષ્ટ્રપતિએ પુનઃવિચારણા માટે મોકલેલો ખરડો જો ગૃહો દ્વારા ફરી સુધારા વિના પસાર કરી રાષ્ટ્રપતિને મંજૂરી માટે મોકલવામાં આવે તો રાષ્ટ્રપતિએ સ્વીકારવો ફરજિયાત છે.

ઉપરોક્ત વિરોધાભાસની પરિસ્થિતિમાં રાષ્ટ્રપતિ અનુચ્છેદ 108 અંતર્ગત સંયુક્ત બેઠક બોલાવી શકે.



## ICE Questions

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1. | ભારતમાં 'રાષ્ટ્રીય ઊર્જા સંરક્ષણ દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ? | (A) 11 ડિસેમ્બર | (B) 12 ડિસેમ્બર | (C) 13 ડિસેમ્બર | (D) 14 ડિસેમ્બર | (D) |
| 2. | ક્લાયમેટ ચેન્જ પર્ફોર્મન્સ ઈન્ડેક્સ (CCPI) 2020માં ભારત કયા ક્રમે છે ? | (A) 8મા | (B) 9મા | (C) 10મા | (D) 18મા | (B) |
| 3. | ક્લાયમેટ ચેન્જ પર્ફોર્મન્સ ઈન્ડેક્સ (CCPI) 2020માં પ્રથમ ક્રમે (પહેલા નંબરે) કયો દેશ છે ? | (A) સ્વિડન | (B) ડેન્માર્ક | (C) મોરોક્કો | (D) ત્રણમાંથી કોઈ નહિ | (D) |
| 4. | ક્લાયમેટ ચેન્જ પર્ફોર્મન્સ ઈન્ડેક્સ (CCPI) 2020માં સ્વિડન કયા ક્રમે છે ? | (A) બીજા | (B) ત્રીજા | (C) ચોથા | (D) પાંચમા | (C) |
| 5. | ક્લાયમેટ ચેન્જ પર્ફોર્મન્સ ઈન્ડેક્સ 2020માં અંતિમ 61મા ક્રમે કયો દેશ છે ? | (A) નાઈજર | (B) ઝામ્બિયા | (C) કોંગો | (D) અમેરિકા | (D) |
| 6. | નાગરિકતા (સંશોધન) બિલ, 2019ના સંબંધમાં નીચેનામાંથી કયું વિધાન સાચું છે ? | (A) આ બિલ લોકસભામાં પસાર થઈ ગયું છે. | (B) આ બિલ લોકસભા અને રાજ્યસભા એમ બંનેમાં પસાર થઈ ગયું છે. | (C) આ બિલને રાષ્ટ્રપતિની મંજૂરી મળી ગઈ છે. | (D) ઉપરોક્ત ત્રણેય વિધાનો સાચા છે. | (D) |
| 7. | નાગરિક (સંશોધન બિલ, 2019) ભારતની લોકસભામાં કેટલા મતોથી પસાર થયું હતું ? | (A) 311 વિરુદ્ધ 70 | (B) 311 વિરુદ્ધ 80 | (C) 311 વિરુદ્ધ 90 | (D) 311 વિરુદ્ધ 105 | (B) |
| 8. | નાગરિકતા (સંશોધન) બિલ, 2019 ભારતની સંસદમાં કોણે રજૂ કર્યું હતું ? | (A) શ્રી રાજનાથ સિંહ | (B) શ્રી અમિત શાહ | (C) શ્રી નીતિન ગડકરી | (D) ડો. હર્ષ વર્ધન | (B) |
| 9. | નાગરિકતા (સંશોધન) બિલ, 2019 દ્વારા કયા એક્ટમાં સુધારો કરવામાં આવ્યો છે ? | (A) નાગરિકતા અધિનિયમ, 1952 | (B) નાગરિકતા અધિનિયમ, 1955 | (C) નાગરિકતા અધિનિયમ, 1958 | (D) નાગરિકતા અધિનિયમ, 1962 | (B) |
| 10. | નાગરિકતા (સંશોધન) બિલ 2019ની જોગવાઈ અનુસાર ભારતમાં કયા ત્રણ દેશોના શરણાર્થીઓને નાગરિકતા આપવામાં આવશે ? | (A) પાકિસ્તાન, બાંગ્લાદેશ, નેપાળ | (B) પાકિસ્તાન, બાંગ્લાદેશ, મ્યાનમાર | (C) પાકિસ્તાન, બાંગ્લાદેશ, શ્રીલંકા | (D) પાકિસ્તાન, બાંગ્લાદેશ, અફઘાનિસ્તાન | (D) |
| 11. | નાગરિકતા (સંશોધન) બિલ 2019ની જોગવાઈ અનુસાર ભારતમાં ક્યારથી વસવાટ કરતા શરણાર્થીઓને નાગરિકતા આપવામાં આવશે ? | (A) 31 ડિસેમ્બર 2014 કે તે પહેલા | (B) 31 ડિસેમ્બર 2015 કે તે પહેલા | (C) 31 ડિસેમ્બર 2016 કે તે પહેલા | (D) 31 ડિસેમ્બર 2017 કે તે પહેલા | (A) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ONE LINER
## CURRENT AFFAIRS

## ગુજરાત

### ➤ ગુજરાતના સાણંદ ખાતેથી 5500થી વધુ બહેનોને એક જ સ્થળેથી સહાયનો વિશ્વ રેકોર્ડ નોંધાયો

તાજેતરમાં ગુજરાતમાં **અમદાવાદ** જિલ્લાના **સાણંદ** ખાતે વિધવા બહેનોને **વિધવા પેન્શન સહાય**ના સામૂહિક વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. કેન્દ્રીય ગૃહ મંત્રી **શ્રી અમિત શાહ** અને ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**ની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં **5500થી વધુ બહેનો**ને સહાય અર્પણ કરવામાં આવી હતી. **સાણંદ** ખાતે યોજાયેલા આ કાર્યક્રમને **એક જ સ્થળેથી એક સાથે 5500થી વધુ વિધવા બહેનોને સહાય**નો **ગિનિજ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ**માં સ્થાન મળ્યું છે. આ બહેનોને ગુજરાત સરકાર દ્વારા દર મહિને **રૂ. 1200** સહાય તરીકે આપવામાં આવશે.

### ➤ દિલ્હી સ્થિત નેહરુ સ્મારક સંગ્રહાલય અને પુસ્તકાલયમાં ગુજરાતના ત્રણ સભ્યોનો સમાવેશ

ભારતમાં **નવી દિલ્હી** ખાતે આવેલા **નેહરુ સ્મારક સંગ્રહાલય અને પુસ્તકાલય (Nehru Memorial Museum and Library)**ની સોસાયટીના સભ્ય તરીકે **ગુજરાતના ત્રણ સભ્યો**ની પસંદગી કરવામાં આવી છે. આ ત્રણ સભ્યોમાં ગુજરાતના પ્રસિદ્ધ લેખક **શ્રી કિશોર મકવાણા**, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ **શ્રી કમલેશ જોષીપુરા** અને ગુજરાતના પ્રસિદ્ધ ઈતિહાસકાર તથા સંશોધક **શ્રી રિઝવાન કાદરી**નો સમાવેશ કરવામાં આવ્યો છે. ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી** આ સોસાયટીના **અધ્યક્ષ** છે અને કેન્દ્રીય સંરક્ષણ મંત્રી **શ્રી રાજનાથ સિંહ** તેના **ઉપાધ્યક્ષ** છે. શ્રી કિશોર મકવાણાનું **'કોમન મેન PM નરેન્દ્ર મોદી'** પુસ્તક ખૂબ જ પ્રસિદ્ધ થયું છે.

## ભારત

### ➤ કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા દરેક પોલીસ સ્ટેશનમાં 'મહિલા હેલ્પ ડેસ્ક'ની યોજનાને મંજૂરી

ભારતના દરેક પોલીસ સ્ટેશનમાં એક **'મહિલા હેલ્પ ડેસ્ક'**ની સ્થાપના માટે કેન્દ્ર સરકારના **ગૃહ મંત્રાલયે** મંજૂરી આપી દીધી છે. આ માટે **નિર્ભયા ફંડ**માંથી **રૂ. 100 કરોડ** પણ ફાળવવામાં આવ્યા છે. 'મહિલા હેલ્પ ડેસ્ક'નો મુખ્ય ઉદ્દેશ પોલીસ સ્ટેશનને મહિલાઓ માટે અનુકુળ અને વિશ્વાસપાત્ર બનાવવાનો છે. આ માટે આ મહિલા હેલ્પ ડેસ્કમાં **મહિલા પોલીસ**ની નિમણૂક કરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➢ શ્રી રોહિત શર્મા 'લા લીગા'ના બ્રાન્ડ એમ્બેસેડર બનનાર પ્રથમ ગેર ફૂટબોલર બન્યા

ભારતના પ્રસિદ્ધ ક્રિકેટર **શ્રી રોહિત શર્મા**ની સ્પેનની ફૂટબોલ કલબ **'લા લીગા'**ના ભારતના **બ્રાન્ડ એમ્બેસેડર** તરીકે નિમણૂક કરવામાં આવી છે. આ સાથે જ શ્રી રોહિત શર્મા **ફૂટબોલ ખેલાડી ન હોય તેવા** 'લા લીગા'ના પ્રથમ બ્રાન્ડ એમ્બેસેડર બની ગયા છે.

## ➢ વિશ્વના સૌથી શક્તિશાળી 100 મહિલાઓની ફોર્બ્સની યાદીમાં શ્રીમતી નિર્મલા સિતારામન 34મા ક્રમે

તાજેતરમાં જાહેર થયેલી વિશ્વના સૌથી શક્તિશાળી **100 મહિલાઓની ફોર્બ્સ**ની યાદીમાં ભારતના નાણામંત્રી **શ્રીમતી નિર્મલા સિતારામન 34મા** ક્રમે છે. **જર્મન** ચાન્સેલર **સુશ્રી એન્જેલા મર્કેલ** આ યાદીમાં **પ્રથમ** ક્રમે છે. જ્યારે યુવા પર્યાવરણ ચળવળ કર્તા **સુશ્રી ગ્રેટા થનબર્ગ 100મા** ક્રમે છે. આ યાદીમાં ભારતના શ્રીમતી નિર્મલા સિતારામન ઉપરાંત **HCL કોર્પોરેશન**ના CEO અને ડિરેક્ટર **સુશ્રી રોશની મલ્હોત્રા 54મા** ક્રમે છે અને બાઈકોનના સ્થાપક **સુશ્રી કિરણ મજુમદાર** શો **65મા** ક્રમે છે.

## ➢ શ્રી સુનિલ શેટ્ટીની રાષ્ટ્રીય એન્ટી ડોપિંગ એજન્સીના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે નિમણૂક

ભારતના પ્રસિદ્ધ અભિનેતા **શ્રી સુનિલ શેટ્ટી**ની **National Anti Doping Agency**ના **બ્રાન્ડ એમ્બેસેડર** તરીકે નિમણૂક કરવામાં આવી છે. રાષ્ટ્રીય એન્ટી ડોપિંગ એજન્સી ભારતમાં ડોપિંગ નિયંત્રણ કાર્યક્રમનું મોનિટરિંગ કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# વિશ્વ

## ➢ બ્રિટનની સામાન્ય ચૂંટણીમાં બ્રિટનના વડાપ્રધાન શ્રી બોરિસ જોન્સનની કન્ઝર્વેટિવ પાર્ટીને બહુમતી મળી

તાજેતરમાં **બ્રિટન**માં થયેલી સામાન્ય ચૂંટણીમાં બ્રિટનના **હાઉસ ઓફ કોમન્સ**ની કુલ **650** સીટોમાંથી બ્રિટનના વડાપ્રધાન **શ્રી બોરિસ જોન્સન**ના નેતૃત્વમાં **કન્ઝર્વેટિવ પાર્ટી**ને **365 બેઠકો** મળી છે. જ્યારે તેમના મુખ્ય વિરોધી પક્ષ **લેબર પાર્ટી**નો **202 બેઠકો** પર વિજય થયો છે.

## ICE Questions

- તાજેતરમાં ગુજરાતના કયા શહેરમાં એક જ સ્થળેથી સૌથી વધુ 5500 વિધવા બહેનોને સહાયનો ગિનિજ રેકોર્ડ નોંધાયો છે ? – સાણંદ
- દિલ્હી સ્થિત નહેરુ સ્મારક સંગ્રહાલય અને પુસ્તકાલયની સોસાયટીના સભ્ય તરીકે કયા ત્રણ ગુજરાતી મહાનુભાવોનો સમાવેશ થયો છે ? – શ્રી કિશોર મકવાણા, શ્રી કમલેશ જોષીપુરા અને શ્રી રિઝવાન કાદરી
- ‘કોમન મેન PM નરેન્દ્ર મોદી’ પુસ્તકના લેખક કોણ છે ? – શ્રી કિશોર મકવાણા
- ભારતના દરેક પોલીસ સ્ટેશનમાં ‘મહિલા હેલ્પ ડેસ્ક’ની સ્થાપના માટે નિર્ભયા ફંડમાંથી કેટલા રૂપિયા ફાળવવામાં આવ્યા છે ? – રૂ. 100 કરોડ
- સ્પેનની ફૂટબોલ લીગ ‘લા લીગા’ના ભારતના બ્રાન્ડ એમ્બેસડર તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી રોહિત શર્મા
- વિશ્વના સૌથી શકિતશાળી 100 મહિલાઓની યાદીમાં ભારતના નાણામંત્રી શ્રીમતી નિર્મલા સિતારામન કયા ક્રમે છે ? – 34મા
- ભારતની નેશનલ એન્ટી ડોપિંગ એજન્સી (NADA)ના બ્રાન્ડ એમ્બેસડર તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી સુનિલ શેટ્ટી
- બ્રિટનની સામાન્ય ચૂંટણીમાં બ્રિટનના વડાપ્રધાન શ્રી બોરિસ જોન્સનના પક્ષનો વિજય થયો છે....તેમના પક્ષનું નામ શું છે ? – કન્ઝર્વેટિવ પાર્ટી
- બ્રિટનની સામાન્ય ચૂંટણીમાં શ્રી બોરિસ જોન્સનના કયા મુખ્ય વિરોધી પક્ષનો પરાજય થયો છે ? – લેબર પાર્ટી

ICE FOR COMPETITIVE EXAMS ®

# QUICK CURRENT
## QUESTIONS OF THIS WEEK

1. ભારતના કયા રાજ્યમાં કેન્સરના રોગ માટે આશરે રૂ. 350 કરોડના ખર્ચે પ્રોટીન થેરાપી સેન્ટરની સ્થાપના કરવાની જાહેરાત કરવામાં આવી છે ? – ગુજરાત
2. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના કયા બંદરે આશરે રૂ. 192 કરોડના ખર્ચે અદ્યતન જેટી બનાવવાની મંજૂરી આપી છે ? – નવલખી બંદર
3. ગુજરાતમાં અમદાવાદના મોટેરાથી ગાંધીનગરના મહાત્મા મંદિર સુધીના મેટ્રો ટ્રેન પ્રોજેક્ટના બાંધકામ કામગીરીનો પ્રારંભ ક્યારે થશે ?... અને ક્યાં સુધીમાં તેને પૂર્ણ કરાશે ? – જૂન 2020માં શરૂ થશે અને માર્ચ 2024માં તે પૂર્ણ થશે

4. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના કયા શહેરના ઝડપી વિકાસ માટે રિઝર્વેશનની 1660 હેક્ટર જમીનને મુક્તિ આપવાનો નિર્ણય કર્યો છે ? – સુરત
5. ગુજરાતમાં બાળકોની વાચનશક્તિ ખિલવવા માટે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં ક્યાંથી 'વાચન અભિયાન'નો પ્રારંભ કરાવ્યો હતો ? – ગાંધીનગર
6. તાજેતરમાં ગુજરાતના કયા શહેરમાં સૈનિકો માટે યોજાયેલી મેરેથોનનો ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ પ્રારંભ કરાવ્યો હતો ? – અમદાવાદ
7. 6-8 ડિસેમ્બર, 2019 દરમિયાન ભારતમાં કઈ જગ્યાએ યોજાયેલી 54મી DGP કોન્ફરન્સ અથવા તો 54th All India Conferance of Director Generals/Inspector Generals of Policeને ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સંબોધન કર્યું હતું ? – પૂણે, મહારાષ્ટ્ર
(પૂણેની IISER એટલે કે Indian Institute of Science Education and Researchમાં આ કોન્ફરન્સનું આયોજન થયું હતું.)
8. 8 ડિસેમ્બર, 2019ના રોજ ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે કઈ જગ્યાએ નિર્માણ પામનાર પાઈકા વિદ્રોહ સ્મારક સ્થળનો શિલાન્યાસ કર્યો છે ? – ખોરધા (ઓડિશા)
9. COP 25 તરીકે ઓળખાતી United Nations Framework Convention on Climate Change 2019નું 2થી 13 ડિસેમ્બર 2019 દરમિયાન ક્યાં આયોજન થયું છે ? – મેડ્રિડ, સ્પેન
(આ કોન્ફરન્સમાં ભારતના પ્રતિનિધિ તરીકે કેન્દ્રીય પર્યાવરણ મંત્રી શ્રી પ્રકાશ જાવડેકર ઉપસ્થિત રહ્યા હતા...આ ક્લાયમેન્ટ ચેન્જ કોન્ફરન્સ ચીલીમાં યોજાવાની હતી. પરંતુ ચીલીમાં થઈ રહેલા વિરોધ પ્રદર્શનને કારણે તેનું આયોજન સ્પેનમાં કરવામાં આવ્યું છે.)
10. 'ટ્રાઈબ્સ ઈન્ડિયા' અથવા તો Trifedના મુખ્ય ડિઝાઈન સલાહકાર તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ? – સુશ્રી રિતુ બેરી
11. TRIFEDનું પૂરું નામ શું છે ? – Tribel Cooperative Marketing Development Federation of India
12. વર્ષ 2019 માટેના Word of Year તરીકે Oxford Dictionaries દ્વારા કયા શબ્દની પસંદગી કરવામાં આવી છે ? – Climate Emergency
13. મેક્સિકોમાં યોજાનાર પુસ્તક મેળા માટે ભારતના પ્રતિનિધિ મંડળમાં ગુજરાતના કયા મહાનુભાવનો સમાવેશ કરવામાં આવ્યો છે ? – ડો. બળવંત જાની
14. તાજેતરમાં ગુજરાતના પોરબંદર ખાતે યોજાયેલા કાર્યક્રમમાં ભારતીય નૌકાદળની કઈ સ્કવોર્ડનમાં ડોર્નિયર વિમાન સામેલ કરવામાં આવ્યું છે ? – રેપ્ટસ સ્કવોર્ડન
15. 16 વર્ષની સૌથી નાની વયે ઈન્ટરનેશનલ ચેસ માસ્ટર બનનાર ગુજરાતના પ્રથમ ખેલાડી કોણ છે ? – શ્રી મોક્ષ દોશી
16. ગુજરાતના લુણાવાડાના વતની શ્રી મોક્ષ દોશી કઈ રમત સાથે સંકળાયેલા છે ? – ચેસ
17. તાજેતરમાં ભારતમાં મધ્ય ભારતના પ્રથમ મેગા ફૂડ પાર્ક 'અવન્તી મેગા ફૂડ પાર્ક'નું ક્યાં ઉદ્‌ઘાટન થયું છે ? – દેવાસ (મધ્યપ્રદેશ)
(કેન્દ્રીય ફૂડ પ્રોસેસિંગ મંત્રી સુશ્રી હરસિમરત કૌર બાદલે આ મેગા ફૂડ પાર્કનું ઉદ્‌ઘાટન કર્યું હતું.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

18. મલેશિયાના લંકાવી આયલેન્ડ ખાતે યોજાયેલી ઈન્ટરનેશનલ આયર્નમેન ટ્રાયથ્લોન હરિફાઈ જીતીને 'આયર્નમેન'નું બિરુદ મેળવનાર ગુજરાતી સ્પર્ધકનું નામ શું છે ? – શ્રી મહેશભાઈ પ્રજાપતિ

19. ગુજરાત સરકાર દ્વારા કઈ જગ્યાએ યોજાયેલા જન વિકાસ ઝુંબેશ કાર્યક્રમમાં આશરે 17 હજારથી વધુ લોકોને યોજનાકીય લાભ હાથો હાથ આપવામાં આવ્યા છે ? – તારાપુર (જિ. આણંદ)

20. અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના 7મા રાષ્ટ્રીય અધિવેશનનું આયોજન ક્યાં થયું હતું ? – મહેસાણા

21. ગુજરાતમાં કઈ જગ્યાએ યોજાયેલા શ્રી અબજીબાપા દ્વિશતાબ્દી મહોત્સવમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી ઉપસ્થિત રહ્યા હતા ? – બળદિયા (કચ્છ)

22. ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે ગુજરાતમાં ક્યાંથી પ્રાકૃતિક ચિકિત્સા યાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો ?
– સાબરમતી આશ્રમ, અમદાવાદ (અમદાવાદથી પોરબંદર સુધી આ યાત્રા યોજાઈ હતી.)

23. ભારતના કયા રાજ્યમાં દ્વિચક્રી વાહન ચાલકોને શહેરમાં હેલ્મેટ પહેરવાથી મુક્તિ આપવામાં આવી છે ?
– ગુજરાત

24. 5 ડિસેમ્બર 2019ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ 'મોકળા મને' કાર્યક્રમ અંતર્ગત કોની સાથે સંવાદ કર્યો હતો ? – અગરિયાઓ સાથે

25. ગુજરાતમાં બનતી દુષ્કર્મની ઘટના અંગે તટસ્થ તપાસ માટે ગુજરાત સરકાર દ્વારા કોની અધ્યક્ષતામાં પાંચ સભ્યોની એક સમિતિની રચના કરવામાં આવી છે ? – ગુજરાત રાજ્યના ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ
(આ સમિતિ દર 15 દિવસે મળશે અને આવી ઘટના અટકાવવા સૂચનો કરશે.)

26. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગિફ્ટ સિટી ગાંધીનગરમાં કઈ બેન્કના ગ્લોબલ બિઝનેસ સર્વિસિસ સેન્ટરનો પ્રારંભ કરાવ્યો છે ? – બેન્ક ઓફ અમેરિકા

27. ગુજરાતના મહિસાગર જિલ્લાનું બાલાસિનોર પોલીસ સ્ટેશન ભારતનું બીજા નંબરનું શ્રેષ્ઠ પોલીસ સ્ટેશન બન્યું છે....આ માટે પૂણે ખાતે યોજાયેલ ડી.જી.-ડી.આઈ.જી. કોન્ફરન્સમાં ગૃહ મંત્રી શ્રી અમિત શાહના હસ્તે બાલાસિનોર પોલીસ સ્ટેશનના કયા ઈન્ચાર્જ PSIને ટ્રોફી એનાયત થઈ છે ? – PSI શ્રી પી. જે. પંડ્યા

28. 2થી 8 ડિસેમ્બર 2019 દરમિયાન ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં કઈ થીમ પર 'પ્રધાનમંત્રી માતૃ વંદના સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવી છે ? – 'સુપોષિત જનની વિકસિત ધરીની'

29. ડિસેમ્બર 2019 દરમિયાન ભારતમાં કઈ યોજના અંતર્ગત 'માતૃ વંદના સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવી છે ?
– પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના

30. પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના અંતર્ગત પ્રથમ વખત સગર્ભાવસ્થા સમયે સગર્ભા મહિલાને કેટલા રૂપિયાની સહાય આપવામાં આવે છે ? – રૂ. 5000

31. પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના અંતર્ગત ગુજરાતમાં સૌથી વધુ મહિલાઓને લાભ આપવાની બાબતમાં વર્ષ 2018-19માં ગુજરાતમાં કયો જિલ્લો પ્રથમ ક્રમે હતો ? – મહિસાગર
(વર્ષ 2019-20માં પણ અત્યાર સુધી એટલે કે 8 ડિસેમ્બર 2019 સુધી આ બાબતે મહિસાગર જિલ્લો પ્રથમ ક્રમે છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

32. ગુજરાત સરકારની નવી હેલ્થ પોલિસી મુજબ જો કોઈ સંસ્થા સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ શરૂ કરે તો ગુજરાત સરકાર દ્વારા તેમાં કેટલી સબસિડી આપવામાં આવે છે ? – 25 ટકા

33. ગુજરાતમાં રૂ. 125 કરોડના ખર્ચે કઈ જગ્યાએ નિર્માણ પામનાર શ્રી કે. કે. પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલનું મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ખાતમુહૂર્ત કર્યું છે ? – ભૂજ
(શ્રી કચ્છી લેવા પટેલ એજ્યુકેશન એન્ડ મેડિકલ ટ્રસ્ટ દ્વારા આ હોસ્પિટલનું સંચાલન કરવામાં આવશે.)

34. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજકોટના કયા કાર્ડિયોલોજીસ્ટના પુસ્તક 'સંજીવની સ્પર્શ'નું વિમોચન કર્યું છે ? – ડો. રાજેશ તેલી

35. તાજેતરમાં ગુજરાતના બનાસકાંઠા જિલ્લાના કાણોદર ગામના કયા યુવાને ભારતના સૌથી નાની ઉંમરના IPS બનવાની સિદ્ધિ મેળવી છે ? – શ્રી સફિન હસન અથવા શ્રી હસન સફિન

36. ભારતના કયા રાજ્યના ધોરણ-9માં ભણતા શ્રી પી. વિશ્વનાથ પાત્રા નામના વિદ્યાર્થીએ પાણીનો બગાડ રોકતું મશીન બનાવ્યું છે ? – ઓડિશા

37. તાજેતરમાં કઈ કંપની 2 લાખ કરોડ ડોલરનું માર્કેટ કેપ ધરાવતી વિશ્વની પ્રથમ કંપની બની ગઈ છે ? – સાઉદી અરામ્કો અથવા અરામ્કો

38. ભારતના કયા IIT ગોલ્ડ મેડાલિસ્ટને શિક્ષણના 'ઓસ્કાર' તરીકે ઓળખાતા Wharton-QS Stars Reimagine Education Awardથી સન્માનિત કરવામાં આવ્યા છે ? – શ્રી રાહુલ અધિકારી

39. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ લોકસભાની ચૂંટણીમાં મળેલા વિજય બાદ કરેલું કયું ટ્વીટ 'ગોલ્ડન ટ્વીટ ઓફ ઈન્ડિયા 2019' બન્યું છે ? – સબકા સાથ + સબકા વિકાસ + સબકા વિશ્વાસ = વિજયી ભારત

40. ભારતના લુધિયાણામાં યોજાયેલા ઈન્ટરનેશનલ પીડીએફ ડેરી એક્સ્પો 2019માં હરિયાણાની મુર્રાહ પ્રજાતિની કઈ ભેંસે 32.66 લિટર દૂધ આપીને રેકોર્ડ સર્જ્યો છે ? – સરસ્વતી
(અગાઉ આ રેકોર્ડ પાકિસ્તાનના ફૈસલાબાદની એક ભેંસના નામે હતો, જેણે 32.50 લિટર દૂધ આપ્યું હતું.)

41. હૈદરાબાદમાં મહિલા ડોક્ટર પર બળાત્કાર ગુજારનાર આરોપીઓના એન્કાઉન્ટર કેસની તપાસ માટે સુપ્રીમ કોર્ટે કોની અધ્યક્ષતામાં ત્રણ સભ્યોના તપાસ પંચની રચના કરી છે ? – જસ્ટિસ વી. એસ. સિરપુરકર

42. તેલંગાણાના વારાંગલ જિલ્લાના કયા SPની આગેવાનીમાં હૈદરાબાદમાં મહિલા ડોક્ટર પર રેપ કરનાર આરોપીઓનું એન્કાઉન્ટર કરવામાં આવ્યું હતું ? – શ્રી વિશ્વનાથ ચેન્નપ્પા સજ્જનાર

43. કેન્દ્ર સરકાર દ્વારા એર ઈન્ડિયાના કેટલા ટકા ડિસઈન્વેસ્ટમેન્ટની અથવા તો એર ઈન્ડિયાનો કેટલા ટકા હિસ્સો વેચવા માટેની મંજૂરી આપવામાં આવી છે ? – 100 ટકા

44. ભારતના સૌથી યુવા IPS બનનાર શ્રી હસન સફિન (અથવા સફિન હસન) મુસ્તફાઅલીને પ્રોબેશનલ IPS ઓફિસર તરીકે ક્યાં પોસ્ટિંગ મળ્યું છે ? – જામનગર

45. ભારતના કયા રાજ્યની વિધાનસભામાં બળાત્કારના કેસમાં 21 દિવસમાં મૃત્યુદંડની સજા આપતું વિધેયક પસાર થયું છે ? – આંધ્રપ્રદેશ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

46. બળાત્કારના કેસમાં 21 દિવસમાં મૃત્યુદંડની સજા આપવાની જોગવાઈ ધરાવતું કયું બિલ આંધ્રપ્રદેશ વિધાનસભામાં પસાર થયું છે ? – આંધ્રપ્રદેશ દિશા બિલ, 2019 [આંધ્રપ્રદેશ ક્રિમિનલ લો (એમેન્ડમેન્ટ) એક્ટ 2019]

47. કયા દેશના વૈજ્ઞાનિકોએ ડુક્કર-વાંદરાના DNA ભેગા કરીને સિમેરા નામના નવા હાઈબ્રિડ પ્રાણીને જન્મ આપ્યો છે ? – ચીન

48. ભારતમાં ફિલ્મ કલાકારોના ચહેરાને સુંદર બનાવનાર કયા પ્રસિદ્ધ મેકઅપ આર્ટિસ્ટનું તાજેતરમાં નિધન થયું છે ? – શ્રી સુભાષ વગલ

49. ભારતમાં અંગ્રેજોના સમયથી કૃષિ પાકોના ઉત્પાદનનું પ્રમાણ નક્કી કરવા માટે ઉપયોગમાં લેવાતી કઈ પ્રથાને ગુજરાત સરકારે નાબૂદ કરી છે ? – આનાવારી પ્રથા

50. 8 ડિસેમ્બર, 2019ના રોજ ભારતના કયા શહેરના અનાજ મંડી વિસ્તારમાં બેગ બનાવતી ફેક્ટરીમાં આગ લાગતા આશરે 40થી વધુ લોકોના મોત થયા છે ? – નવી દિલ્હી

51. એશિયાઈ એકેડમી ક્રિએટિવ એવોર્ડ્સમાં ભારતની કઈ ફિલ્મને સર્વશ્રેષ્ઠ ફિલ્મનો પુરસ્કાર મળ્યો છે ? – ગલી બોય

52. શ્રી રુઈઝ જુનિયરને હરાવીને કયા બોક્સરે વર્લ્ડ હેવીવેઈટ ચેમ્પિયનનું ટાઈટલ જીતી લીધું છે ? – શ્રી એન્થોની જોશુઆ

53. ગુજરાતના કયા ખેલાડીએ મહારાષ્ટ્રના સોલાપુરમાં યોજાયેલી ITF ટેનિસ ટુર્નામેન્ટમાં ડબલ ટાઈટલ્સ જીત્યા છે ? – સુશ્રી અંકિતા રૈના

54. નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલે (NGTએ) સેન્ટ્રલ પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ (CPCB)ને ભારતમાં કેટલા માઈક્રોન્સથી પાતળી પ્લાસ્ટિકની થેલીઓનું ઉત્પાદન અને વેચાણ બંધ થાય તે સુનિશ્ચિત કરવા આદેશ આપ્યો છે ? – 50 માઈક્રોનથી પાતળી

55. તાજેતરમાં કયા દેશના વ્હાઈટ ટાપુ પર આવેલો જ્વાળામુખી ફાટતા 5 પ્રવાસીઓના મોત થયા છે ? – ન્યુઝીલેન્ડ

56. ડોમેસ્ટિક ક્રિકેટમાં સૌથી વધુ 377 રન બનાવનાર ગુજરાતના પ્રથમ બેટ્સમેનનું નામ શું છે ? – શ્રી સમર્થ વ્યાસ

57. તાજેતરમાં ગુજરાતના કયા પંથકમાં માનવભક્ષી દીપડાને ઠાર મારવામાં આવ્યો છે ? – બગસરા (જિ. અમરેલી)

58. ભારતના કયા શહેરમાં આવેલા તળાવમાં દેશના સૌથી મોટા મ્યુઝિકલ ફાઉન્ટેનનું ઉદ્‌ઘાટન થયું છે ?
– ભોપાલ (મધ્યપ્રદેશ) (જેમાં પાણીના પડદા પર 'ભારતના ગાંધી' નામની ફિલ્મ બતાવવામાં આવશે.)

59. ભારતની રણજી ટ્રોફીમાં 150 મેચ રમનાર પ્રથમ ખેલાડીનું નામ શું છે ? – શ્રી વસીમ જાફર

60. વર્લ્ડ એન્ટી ડોપિંગ એજન્સી (WADA)એ કયા દેશ પર ચાર વર્ષનો પ્રતિબંધ મૂક્યો છે ? – રશિયા
(આ પ્રતિબંધને કારણે રશિયા આગામી ટોકિયો ઓલિમ્પિક અને 2022માં કતારમાં રમાનાર ફૂટબોલ વર્લ્ડ કપમાં ભાગ નહિ લઈ શકે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

દરેક પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી ફ્રી ઓનલાઈન મટીરિયલ્સની માહિતી માટે icerajkot PAGE LIKE કરો.

FACEBOOK
icerajkot

આ મેગેઝિન ફ્રી મેળવવા માટે અમારી નવી AUTHENTIC TELEGRAM CHANNEL

(t.me / icerajkotofficial)
આજે જ JOIN કરો.




ALL TYPE OF COMPETITIVE EXAMS

| | | | |
|---|---|---|---|
| GPSC | SBI | PSI | TALATI |
| UPSC | PO | PI | Dy. S.O. |
| IBPS | CLERK | CONSTABLE | Dy. MAMLATDAR |

- સ્પર્ધાત્મક પરીક્ષાના નિષ્ણાતો દ્વારા અભ્યાસ.
- ગણિત, ENGLISH, ગુજરાતી અને સામાન્ય જ્ઞાનની સર્વગ્રાહી સફળ ફોર્મ્યુલા.
- પૂર્ણ સંભાવના ધરાવતા પ્રશ્નો સાથે તૈયારી.
- જરૂરી અને મર્યાદિત વાંચનના માધ્યમથી પરીક્ષાલક્ષી અને પરિણામલક્ષી તૈયારી.
- વ્યૂહાત્મક તૈયારી માટે અલ્ટ્રાપ્લાનિંગ.
- અનુભવી નિષ્ણાતો દ્વારા તૈયાર થયેલું ટુ ધી પોઈન્ટ અપડેટેડ સ્ટડી મટીરિયલ્સ.
- સ્માર્ટ વર્ક અને સમજણ શક્તિના સમન્વયથી અભ્યાસ.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS